

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*આવી શારદી નવરાત, મા નાં પગલાં થયાં,*
*ચો-કે ને ચૌટે લે છે રાસ, મા નાં પગલાં થયાં,*
*રંગે રમે, ગરબે રમે, મા નાં પગલાં થયાં*
*રંગાયાં ભક્તિમાં સૌ બાળ, મા નાં પગલાં થયાં...*

### હાઈકુ

*સંગીત ધૂને,*
*રાસ-ગરબે ઘૂમે -*
*યૌવન ઝૂમે...*

*તામસી તત્વો*
*નો કરશે વિનાશ -*
*અંબા ભવાની...*

### ચિંતન

*અન્ય ભવવ્યાવૃત્તેશ્ય ।*

**ઉપરોક્ત સૂત્ર બ્રહ્મસૂત્રમાંથી લેવામાં આવેલ છે.**

**અહીં અક્ષરમાં પ્રધાનાદિ અન્યનાં લક્ષણોનું નિરાકરણ કરવામાં આવ્યું છે,**

**અક્ષર શબ્દ જડ પ્રકૃતિને માટે નથી વપરાયો, પરંતુ પરમાત્માને માટે જ વપરાયો છે. એ નિર્ણયના અનુસંધાનમાં એક બીજો મુદ્દો પણ લક્ષમાં લેવા જેવો છે. બૃહદારણ્યક ઉપનિષદમાં કહ્યું છે કે, 'અક્ષર જોઈ ના શકાય તેવો છતાં સૌનો જોનારો છે, સાંભળવામાં ના આવનારો છતાં સાંભળનારો છે, મનનના કરી શકાય તેવો તો પણ મનન કરનારો અને જાણવામાં ના આવનારો તો પણ સૌને સમ્યક જાણનારો છે.' આ વચનમાં એવી રીતે અક્ષરમાં પ્રધાનાદિતા જોવામાં, સાંભળવામાં ને જાણવામાં આવનારા ધર્મોનો સમાવેશ કરવામાં આવ્યો છે.**

**અક્ષર એવી રીતે સર્વોત્તમ અને પ્રધાન અથવા પ્રકૃતિનો પણ પ્રેરક તથા શાસક છે. બીજા શબ્દોમાં કહીએ તે એ પરત્માત્મા જ છે.**

### સુવિચાર

- તાલીમનો અર્થ જ એ છે કે આકરામાં આકરો હુકમ અપમાન લાગે તો પણ ઉઠાવી શકે અને પછી વિનયથી પોતાને જે કહેવું હોય તે કહે - **સરદાર પટેલ**
- દુનિયા એ જબરદસ્ત વિદ્યાલય છે, એ મહાવિદ્યાલયની ડિગ્રી ઝટ ઝટ મળી જતી નથી - **અરવિંદ**
- ઈશ્વર સાથે જેટલું ઐક્ય અનુભવીશું તેટલી જ શક્તિ આપણને મળશે, કારણ કે શક્તિ ત્યાંથી જ આવે છે - **સ્વેટ મોર્ડન**
- વાડ મૂળ તો ધર્મગુરુઓની શોધ છે, છીંડુ માણસની શોધ છે, વાડ હોય ત્યાં છીંડુ તો હોવાનું જ - **ગુણવંત શાહ**
- માનવ છત્રી... થતી કાગડો, છત્ર.... પ્રભુનું સાચું - **એસ. ભટ્ટાચાર્ય**
- જે થવું જોઈએ અને જે થઈ રહ્યું છે એ બેમાં તફાવત દેખાય એટલે એ કહેવાય સમસ્યા - **બી.એસ. દસ્તુર**
- આજનું ઔષધ : તલ, જવ અને ખાંડનું ચૂર્ણ મધ સાથે ખાવાથી સગર્ભા અને સુવાવડી સ્ત્રીઓનો રક્તસ્ત્રઆવ બંધ થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

આત્મહત્યા કરવા જઈ રહેલ વ્યક્તિને....

કયાં જઈ રહ્યો છો ? આત્મહત્યા કરવા? નારેના. તમે તો જઈ રહ્યા છો તમારા પર તમારા પરિવારે મૂકેલ ભરોસાની હત્યા કરવા, તમે જેને અંત માનો છો ને? એ તો આરંભ છે તમારા પરિવાર માટે રીબાઈ રીબાઈને મરવાનો, પથ્થરોના ટુકડાની ચમક ઓછી થઈ ગઈ તો શું થયું ? તમારા બાળકની આંખમાં તો એવી ને એવી જ ચમક છે. તમે ઘસી ઘસીને હીરા ચમકાવતા હતા એવી જ, રૂપિયાની ખનક સંભળાતી બંધ થઈ તો શું થયું ? તમારા દીકરાનો ટહુકો હજી એવો ને એવો જ મીઠ્ઠો છે. - તમે એને જન્મદિવસ પર અપાવેલી ઝાંઝરીના રણકાર જેવો જ. કાગળમાં રોકેલો વિશ્વાસ પીળો પડી ગયો તેથી શું થયું ? તમારી પત્નીની આંખોમાં છલકાતો વિશ્વાસ હજી યે અકબંધ છે. - વીંટીમાં જડેલા સાચા મોતીની સફેદી જેવો જ. આવતીકાલથી કામ પર નહીં આવતા, એવું ખેતરે કોઈને કહ્યાનું તમને યાદ છે ?? સાંજે થાકીને પાછા ફરેલા પક્ષીને ઝાડવાએ બેસવાની ના પાડી હોય એવું તમને યાદ છે ? તમારી દસ પેઢીમાં કોઈએ આત્મહત્યા કરી હોય એવું તમને યાદ છે? ગાઢ અંધારું છે એય સાચું, ઝાંખો પ્રકાશ છે એ ય સાચું, પણ એથી કાંઈ આમ દાઝ કરીને ટમટમતા દીવાને ઓલવી થોડો નખાય? આવા ટાણે જ તો સંકોરવાની હોય સમજણની શગને, અને પુરવાનું હોય થોડીક ધીરજનું તેલ. અને બાકી હવે સવાર આવી જ સમજો.

# ગુજરાતની ઉજ્જવળ છબી જાળવીએ

*તંત્રીસ્થાનેથી...*

સાબરકાંઠાના અંતરિયાળ ગામની માસૂમ બાળા સાથે આચરાયેલ હેવાનિયતના પગલે ઉત્તર ગુજરાત અને અમદાવાદ સહિતના વિસ્તારોમાં જે ઉગ્ર પ્રતિક્રિયા વરતાઈ રહી છે. તેના પડઘા હવે છેક પટણા અને લખનૌ સુધી પડ્યા છે. દુષ્કર્મનો આરોપી બિહારી મજદૂર હોઈ ગુજરાતના ગ્રામવાસીઓ હિંદીભાષીઓ પર રોષે ભરાયા છે. આ પ્રકારની ઉગ્ર પ્રતિક્રિયાના મૂળમાં પેલી કમનસીબ બાળાની અસહ્ય પીડા તો છે જ; સાથે જ પોતાનાં બાળકોને પણ એની જેમ આવા નરપિશાચોની હવસખોરીનો ભોગ ન બનવું પડે એ માટે પાણી પહેલા પાળ બાંધવાની સહજ મનોવૃત્તિ પણ છે. અલ્પેશ ઠાકોર જેવાં આગેવાનોને એમાં રાજકીય લાભ ખાટી લેવાની ઉજળી તક દેખાય છે તે આપણા જાહેરજીવનની છેક તળિયે બેસી ગયેલી ઈજ્જતનું જીવતું જાગતું ઉદાહરણ છે. આવી ઘટના બની હોય ત્યારે એની સામે પરપ્રાંતીય લોકો વિરુદ્ધ ઉશ્કેરણી કરવાની ન હોય. પરંતુ રાજકારણમાં હવે નીતિમત્તા જેવાં મૂલ્યો દીવો લઈને શોધવા નીકળો તોય જડે કે કેમ તે પ્રશ્ન છે. પરપ્રાંતીયો વિરુદ્ધ એક વિશેષ સમાજને સીધો જ મેદાનમાં ઉતારી દેવાથી પેલી દુખિયારી બાળકીના ઉઝરડા રૂઝાવાના નથી. બાળકીના પિતાએ આ મુદ્દે કરેલ નિવેદન કદાચ પોલીસના આગ્રહને વશ થઈને કર્યું હોય તો પણ વાજબી છે. કોઈ એક દુષ્ટ વ્યક્તિના ગુનાની સજા આખેઆખા એના પ્રદેશના લોકોને કે એના સમાજના માણસોને મળે તે બરાબર નથી. બિહાર અને ઉત્તરપ્રદેશ કે ઓડિશા જેવા પ્રદેશોમાંથી ઘણા લોકો રોજીરોટીની શોધમાં ગુજરાત જેવા સમૃદ્ધ અને શાંત રાજયમાં આવે છે. પાડોશી રાજય રાજસ્થાન તો અડધે અડધું ગુજરાતમાં ઠલવાયેલું છે. એક માણસની ભૂલનું પરિણામ એ બધા ભોગવે તે હરગિજ ન સાંખી શકાય. રાજય અને કેન્દ્રની ફરજ બને છે કે પરપ્રાંતીયો પર રોજેરોજ થઈ રહેલા હુમલા અટકાવવા જડબેસલાક વ્યવસ્થા ગોઠવે અને ગુજરાત છોડી વતન તરફ ભાગી રહેલા પરપ્રાંતીય લોકોનો વિશ્વાસ પુનઃ સ્થાપિત થાય એવાં પગલાં ભરે. બિહાર અને ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રીઓને આ મુદ્દે ગુજરાતના મુખ્યમંત્રી સાથે વાત કરવી પડે છે તે જ કેટલું સૂચક છે ! ભારત વિવિધ રાજયોનો સંઘ છે - 'ફેડરેશન ઓફ સ્ટેટ્સ' મળીને, રાષ્ટ્ર - 'નેશન' બને છે. જો રાષ્ટ્રની એકતા અને અખંડિતતાની મોટા ઉપાડે વાતો કરતાં હોઈએ તો પ્રદેશવાદની અને જ્ઞાતિવાદની સંકુચિત લાગણીઓ દફનાવવી જ રહી. ગુજરાત માટે પરપ્રાંતીયો ઉપરનો જોરજુલમ અને એમનાંમાં પ્રવર્તી રહેલી દહેશત, એના પગલે થઈ રહેલી સામૂહિક હિજરત એ કલંકરૂપ ઘટના છે. મહારાષ્ટ્રમાં જે મરાઠાવાદ ચાલ્યો અને દક્ષિણ ભારીતીયો તથા ઉત્તર ભારતીયોને મુંબઈમાંથી તગેડી મૂક્યા સુધીની ઝુંબેશ ચલાવાઈ એનું પુનરાવર્તન ગુજરાતમાં ન થાય તે જોવાની આપણી સહિયારી જવાબદારી છે. ગુજરાતના સર્વોચ્ચ સ્થાને બિરાજતા બ્યુરોક્રેટ્સ બિહારના છે. ગુજરાત આ મુદ્દે શરૂથી જ ઉદાર રહ્યું પણ છે એથી એ ઉદાર અને ઉદાસ છબીને નુકશાન પહોંચાડતા તત્ત્વો સામે કડક હાથે કામ લેવું તે સરકારની ફરજ છે. સાથે જ પેલા નરપિશાચોને કડકમાં કડક સજા કરી દાખલો બેસાડવાની પણ જરૂર છે. ગોધરાકાંડ પછી ગુજરાતની ખરડાયેલી ઈમેજથી થયેલ પારાવાર નુકશાનનું પુનરાવર્તન ન થાય એવા સામૂહિક પ્રયાસો થવા ઘટે.

# આમાં વળી શું વેરભાવ ?



### નવાં કલેવર

નટવર હેડાઉ

એક સામાજિક સંસ્થા દ્વારા વરિષ્ઠ નાગરિક દિવસ નિમિત્તે સ્વાસ્થ્ય શિબિર યોજવામાં આવી હતી. તેમાં વિભિન્ન રોગોના નિદાન માટે જાણીતા ડૉકટરો આવેલા હતા.

વૃદ્ધ સ્ત્રી પુરુષો આવવાના શરૂ થઈ ગયા હતા. કોઈ રીક્ષામાં આવતા હતા. તો કોઈ વળી લાકડીને ટેકે ધીમે ધીમે ચાલતા આવતા હતા. અમુક વડીલો નસીબદાર હતા કે તેમને તેમનાં પુત્ર, પુત્રી કે પૌત્રી વાહનમાં લઈ આવીને અહીં ઉતારી જતાં હતા.

> વૃદ્ધ સ્ત્રી પુરુષો આવવાના શરૂ થઈ ગયા હતા. કોઈ રીક્ષામાં આવતા હતા. તો કોઈ વળી લાકડીને ટેકે ધીમે ધીમે ચાલતા આવતા હતા. અમુક વડીલો નસીબદાર હતા કે તેમને તેમનાં પુત્ર, પુત્રી કે પૌત્રી વાહનમાં લઈ આવીને અહીં ઉતારી જતાં હતા.

દરેકની પોતપોતાની તકલીફો હતી. વધતી ઉંમર સાથે શિથિલ થતાં અંગો અને આનાકાની કરતી વિવિધ ઈન્દ્રિયોથી બધા એક યે બીજી રીતે પરેશાન હતા.

નેત્ર રોગના નિષ્ણાત ડૉકટર પાસે એક વૃદ્ધ આવ્યા અને કહ્યું, 'ડૉકટર સાહેબ, કાનમાં બહુ દુઃખાવો થાય છે. સંભળાય છે પણ ખુબ ઓછું' ડૉકટરે તેમને તપાસીને કહ્યું, 'તમારી બંને આંખોમાં મોતીયો પાકી ગયો છે. ઓપરેશન કરવું પડશે.'

'ડૉકટર સાહેબ, વધારે ખર્ચો તો નહીં આવે ને, કેમ કે મારા બેંક ખાતામાં જેટલા રૂપિયા હતા તે મારા છોકરાઓએ ચાલાકીથી કઢાવી લીધા છે, ઓછું દેખાયું હોવાથી હું તો મરી જ જઈશ.' એના કરતાં તો બહેરી તો થઈ જાઉં એ જ સાચું.'

'અરે ! તમારા દાંત તો બિલકુલ અહીં ગયા છે. તેને કાઢી નાંખવા પડશે. નકલી બત્રીસી લગાવવી પડશે. ત્યાં સુધી તને બિલકુલ હલકું ભોજન લે જો. ખાસ કરીને રોટલી બિલકુલ નરમ હોવી જોઈએ.' દાંતના ડૉકટરે કહ્યું.

'ડૉકટર સાહેબ, આખી બત્રીસી નંખાવવા જેટલા પૈસા મારી પાસે નથી. અને પોચી રોટલીઓ તો મારા નસીબમાં છે જ નહીં. કેમ કે ઘરમાં કૂતરા 'ટોમી' ને કડક રોટલી ભાવે છે અને અમારી વહુ કહે છે કે તે મારા માટે અલગ નરમ રોટલી નહીં બનાવી શકે.'

બધા ડૉકટરો ચૂપચાપ બેઠા હતા. કોઈ આ વરિષ્ઠ નાગરિકોમાં ને કોઈ તેમના બાળકોમાં રહેલ વેરભાવ શોધી રહ્યા હતા.

# જૂના અંગત મિત્રોને ખોળી કાઢીને મળવાનો આનંદ



### આવો જીવીએ શાનદાર

વિનોદ અમલાણી
vamlani2000@yahoo.co.uk

એક સ્ત્રી. એ સ્ત્રીને બે દિકરા. બંને દિકરાઓ વિદેશમાં સ્થાયી. મોટો દિકરો પરણેલ અને તેને ત્યાં નાનું બાળક. નાનો દિકરો પણ પરણવા લાયક. બંને દિકરાઓ વિદેશમાં સાથે જ રહે. સ્ત્રી અને તેનો પતિ સ્વદેશમાં સુખથી દિવસો ગુજારે.

સ્ત્રીનાં જીવનમાં અચાનક એક વજ્રઘાત થયો. તેના પતિનું એક લાંબી ગંભીર બીમારીમાં અવસાન થયું. બંને પુત્રો દૂર વિદેશમાં અને પતિના ચાલ્યા જવાથી સ્ત્રી માનસિક રીતે ભાંગી પડી. સ્ત્રીના પિયરપક્ષનાં કુટુંબીજનો તથા સ્વસુરપક્ષના સભ્યોનો સંપૂર્ણ સહકાર છતાં પોતાને તો હવે એકલા જ જીવવાનું એવી કલ્પનાથી જ સ્ત્રી માનસિક રીતે હતભ્રત થઈ ગઈ, માનસિક રીતે ભાંગી પડી. સ્ત્રીને એવી લાગણી થઈ કે પોતે હવે સાવ એકલી પડી ગઈ.

પોતાની માંને એકલવાયું જીવન જીવવું ના પડે એટલા માટે બંને દિકરાઓ એ નક્કી કર્યું કે માંને પોતાની સાથે કાયમી ધોરણે વિદેશમાં લઈ જવી. સ્ત્રીને વિદેશમાં સ્થાયી થવાનું હતું તેથી તેની કાર્યવાહી માટે થોડો સમય લાગે એમ હતો તે સમય દરમ્યાન એક્લા સમય વિતાવવો એ સ્ત્રી માટે મુશ્કેલ હતું.

એ સ્ત્રી જયારે શાળા-કેલેજોમાં અભ્યાસ કરતી હતી ત્યારે તેનું અંગત મિત્રવર્તુળ ખુબ જ મોટું હતું. કોલેજકાળની એ યુવતી એકદમ સરળ, સાલસ અને મળતાવડા સ્વાભાવની હતી. હસમુખો ચહેરો, મધુર સ્વર, બોલકો અને કોમળ સ્વભાવ, એકદમ સાદગીમાં પણ સુંદર અને નમણી લાગતી એ યુવતી તેના મિત્રવર્તુળમાં ચુંબકતત્વ જેવી હતી. કોલેજ કેમ્પસનાં એ યુવતીના પોતાના મિત્ર વર્તુળમાં પોતાની બોલબાલા હતી અને કેમ્પસમાં એ મિત્રવર્તુળનું પણ એક અનેરું સ્થાન હતું.

કોલેજ પુરી થયા સૌ મિત્રો છૂટા પડ્યા અને પછી એ મિત્રોની જેમ એ યુવતી પણ પોતાનાં સંસારમાં ગળાડૂબ થઈ ગઈ. પતિ, સાસરીયા, બાળકો, પિયર અને સામાજીક જવાબદારીઓથી ઘેરાઈ ગઈ. ધીમે ધીમે મિત્રોના સંપર્કો તૂટતા ગયા અને જાણે એવું લાગ્યું કે મિત્રો છૂટતા પણ ગયા. વર્ષોના વહાણા વિતી ગયા. કયા મિત્રો કયાં છે, શુ કરે છે, કઈ હાલતમાં છે, કશા જ ખબર અંતર નહી, યુવતીને તેઓ વિષે કાશી જ જાણ નહીં.

વિદેશ જવા માટેની કાર્યવાહીને થોડો સમય લાગે એમ હતો તેથી તે સ્ત્રીએ વિચાર્યુ કે "ભારતમાં થોડા મહિના જ રહેવાની છું તો તે દરમ્યાન કેટલાક અંગત સ્નેહીઓ અને મિત્રોને મળી લઉ. સગાવહાલાઓ સાથે થોડો સમય વિતાવી લઉ." સ્ત્રીએ પોતાના મનની વાત પોતાના દિકરાઓને પણ કરી. બંને દિકરાઓએ માંની વાત સહર્ષ વધાવી લઉ અને કહ્યું કે "માં, જે રીતે તને આનંદ મળે એ રીતે આનંદ માણી લે, જે રીતે ખુશી મળે એ રીતે ખુશી મેળવી લે. તારા મિત્રો, તારા સ્નેહીઓ સાથે એક ક્ષણ પણ માણવાનું ચુકતી નહિ."

કોલેજ છોડયા પછી બે કે ત્રણ સખીઓ જ એ સ્ત્રીનાં સતત સંપર્કમાં હતી. એ સખીઓ દ્વારા અને સોસિયલ મિડીયા દ્વારા એ સ્ત્રીએ પોતાનાં જુના મિત્રોને શોધવાનું શરૂ કર્યુ અને થોડા જ સમયમાં એ સ્ત્રીને એક પછી એક એમ બાર–પંદર જુના મિત્રોનો સંપર્ક થઈ ગયો. જૂના મિત્રોની ભાળ મળી એટલે એ સ્ત્રી ખુશખુશાલ થઈ ગઈ.

જુના મિત્રો સાથે સંપર્કો તાજા થયા. કોઈ મિત્રો એ સ્ત્રીના પોતાના શહેરમાં જ હતા તો કોઈ મિત્રો બહારગામ. મોટા ભાગનાં મિત્રોનો સમય લઈને તેઓની અનુકૂળતા પ્રમાણે એ સ્ત્રી તેઓને રૂબરૂ મળી. કોઈ મિત્રનાં ચહેરા ઓળખી શકાય એવા હતા તો કોઈના ચહેરા તદ્?ન બદલાઈ ગયા હતા. કેટલાક મિત્રોનાં ચહેરાઓ તો એટલા બદલાઈ ગયા હતા કે એ સ્ત્રીની સ્મૃતિમાં રહેલા એ મિત્રનાં ચહેરા સાથે કોઈ જ મેળ પડતો ન હતો. કોઈના માથે ટાલ પડી ગઈ હતી તો કોઈના પેટ બહાર નિકળી ગયા હતા. કોઈ શરીરે ભદ્દા થઈ ગયા હતા તો કોઈ ડાયાબીટીસ, બીપી જેવી કાયમી બિમારીમાં સપડાઈ ગયા હતા. કોઈના બાળકો પરણી ગયા હતાં તો કોઈના વિદેશ જઈને સ્થીર થયા હતા. કોઈ વ્યવસાય કરતા હતા. કોઈ નિવૃત થઈ ગયા હતા તો કોઈ નિવૃતિના આરે પહોંચ્યા હતા. જે મિત્રો મળ્યા તેઓ પાસેથી ખબર મળ્યા કે એકાદ-બે મિત્રો તો આ ફાની દુનિયા છોડીને ચાલ્યા ગયા હતા. બધા જ મિત્રોમાં શારિરીક, આર્થિક, સામાજીક અને કૌટુંબિક પરિવર્તનો થઈ ગયા હતા પણ દરેક મિત્રનો ઉમળકો એ જ હતો, દરેક મિત્રની લાગણીઓ એ જ હતી, દરેક મિત્રની મિત્રભાવના એ જ હતી.

એ સ્ત્રીએ જે કોઈ મિત્રનો સંપર્ક કર્યો, જે કોઈ મિત્રને રૂબરૂ મળી તે દરેકે તેને ઉમળકાભેર આવકાર આપ્યો. વર્ષો પછી મળ્યાનો આનંદવ્યક્ત કર્યો. દરેક મિત્રએ પોતાના જીવનસાથી સાથે, પોતાના બાળકો સાથે પોતાની પુત્રવધુઓ સાથે એ સ્ત્રીની ઓળખાણ કરાવી અને પોતાની સાથે થોડા દિવસ રહેવાનું નિમંત્રણ પણ આપ્યું. એ સ્ત્રી પોતાના મિત્રો અને મિત્રોના કુટુંબીજનો સાથે હળી-મળી, સાથે રહી અને શાળા કોલેજ જીવનનાં સંસ્મરણોને મન ભરીને વાગોળ્યા. કેટલાયે સહઆધ્યાયીઓ, મિત્રો, શિક્ષકો, પ્રોફેસરોને યાદ કર્યા અને શક્ય હતું એટલા સાથે ફોન પર વાતચીત કરી. અભ્યાસકાળના ખટ્ટા-મીઠા પ્રસંગોને યાદ કરી કરી આંખમાં અશ્રુ આવી જાય એટલું હસ્યા. કેટલાક મિત્રોનાં જીવનમાં બની ગયેલી કેટલીક કરુણ દૂર્ઘટનાઓ વિષે જાણીને અશ્રુઓ પણ સાર્યા.

કોઈપણ સમયે કોઈપણ અંગત મિત્રને મળવાનો આનંદ તો અનેરો જ હોય છે તેમાં પણ ખાસ કરીને જૂના મિત્રો જેના આપણને કોઈ જ ખબર અંતર ના હોય એવા મિત્રોને ખોળી કાઢીને મળવાનો આનંદ વિશેષ હોય છે. એ આનંદની સ્વ-અનુભૂતિ થાય તો અને તો જ એ આનંદની ચરમસીમાનો આપણને ખ્યાલ આવે.

( ક્રમશઃ )

# રાજકીય ક્ષેત્રમાં પણ સ્વચ્છતા અભિયાન આવશ્યક



### જીવન ઉપવન

મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

હમણાં હમણાંથી દેશની સુપ્રિમ કોર્ટ ઘણા જ મહત્ત્વનાં ચૂકાદાઓ આપી રહી છે. તેમાં બધા જ ક્ષેત્રનાં લટકતા સવાલોનાં જવાબ આવી જાય છે. લોકશાહીમાં પ્રજાનું શાસન, પ્રજાનો અવાજ તેના જ ચૂંટેલા પ્રતિનિધિઓ કરતા હોય અર્થાત્ લોકો માટે દ્વારા જ શાસન ચાલે અને તેમાં સફળતા મળે તો સ્વરાજ મળ્યા નો હેતુ બર આવે ! લોકશાહી ઉત્તમ શાસન પ્રણાલી હોય છે અને બંધારણનું અસ્તિત્વ હોવું કે ના હોવું તેવી સાથે બહુ લાગતું વળગતું નથી. પ્રજાના પ્રતિનિધિઓ જનહિત માટે ખેવના લે તો પ્રશાસનમાં સંચાર, ગતિ અને પરિણામ જરૂર આવે છે. સાત દાયકો વિતી ગયા અને આપણે હજી લોકશાહી માટે પરિપક્વ થવા ના માર્ગે જ છીએ ! લોકો ને અંતે શું જોઈએ છે અને શા માટે - આ સવાલનું વિશ્લેષણ કોઈ પણ શાસનકર્તા જો કરે તો બહુધા પ્રશ્નો ના ઉકેલ મળી જતા હોય છે. પ્રજાના પક્ષે જો વાત કરીએ તો શિસ્ત, સદાચાર, તથા રાષ્ટ્રપ્રેમ અવિરત રહે તો શાસન સરસ ચાલી શકે છે. સમય જતા બધુ જ બદલાય છે. સદ્ગુણો, નિષ્ઠા, પ્રામાણિકતા, વગેરેમાં કમી આવી અને જેની અસર જનતાનાં જીવનમાં સ્પષ્ટ દેખાય છે. રાજકારણમાં રહેલા લોકસેવકો એ સ્વયંને જોવા તથા મૂલવવાનાં દિવસો આવી પહોંચ્યા છે. કારણ કે આ ક્ષેત્રે અપરાધ મુક્ત રહે તે અત્યંત ઈચ્છનીય છે. ક્રિમીનલ્સ ને જો કોઈ ઢાંચાગત રક્ષણ ઉપલબ્ધ થઈ જાય તો જરૂર એક શોષણનો માર્ગ તૈયાર થઈ જાય છે. ભારતના પોલિટિક્સ દશયમાં અજીબોગરીબ હાલત જોવા મળે છે. માપદંડ ચૂંટણીમાં ઊભા રહેવાથી લઈ આગળ જવામાં પણ, કોઈ સ્પષ્ટ જોવા મળતા નથી. પક્ષાપક્ષી અને પક્ષાંતરના કારણે અંતે સુંદર રામરાજય કદી મળ્યું નથી.

ઈલેકશનમાં ઉમેદવારી નોંધાવવા માટેના માપદંડો જે પ્રજાહિત ખાતર હોય તેવું જોવા મળતું નથી. વય શૈક્ષણિક લાયકાત, અનુભવ, ભૂતકાળ વગેરે બાબતોમાં એક સામાન્ય જોબ માટે પણ નક્કી હોય છે. પરંતુ આ જ બાબતો રાજકારણના ક્ષેત્રમાં લુપ્ત છે. સુપ્રીમ કોર્ટનાં ચુકાદામાં ઘણું બધું 'બિટવિન ધ લાઈન્સ' છે. સંસદમાં કાનૂન બનાવવામાં આવે તો સ્વચ્છતાનો માહોલ લાવી શકાય તેમ છે. મતલબ કે ગુન્હો સાબિત ના થયો હોય ત્યાં સુધી તેઓ ને આઝાદ ભારતના નાગરિક તરીકે ઈલેકશન લડવાની પ્રક્રિયાથી દૂર કરી શકાતા નથી ! સત્તાનો સ્વાદ જે કોઈ સાખી લે છે તેઓ ત્યાર બાદ સત્તાથી દૂર જવા કદી ઈચ્છતા નથી, અને આ કારણોસર આયારામ - ગયારામની હાલત ચાલુ રહે છે. પ્રજા ઝંકે છે પ્રથમ સુરક્ષા, પછી લાયકાત મુજબ કાર્યની તક ત્યાર પછી સાચી આઝાદી જિંદગી પરંતુ આ બધામાં બહુ સફળતા મળતી નથી કેમ કે અપરાધીકરણને પોલિટિકલ શેલ્ટર જો મળી જાય તો સ્થિતિ વધુ વિકૃત થઈ જાય છે. સ્વચ્છ રાજકારણ એ લોકશાહીના પુષ્પને સુગંધિત રાખે છે. પક્ષ ગમે તે હોય પરંતુ રાષ્ટ્રછબિ સર્વોચ્ચ છે ! નેતાઓની આત્મા હોય અને સયંત્રિત વાણી વર્તન તથા વ્યવહાર હોય તો અવશ્ય તેનું પ્રતિબિંબ પ્રજામાં પડે છે. અભિવ્યક્તિની આઝાદીના વાદળામાંથી જળનાં બદલે વેરભાવના વમળ વાવાઝોડા સાથે ધરતી ઉપર પડે ત્યારે ઘવાય છે. રાષ્ટ્રીય ઐક્ય અને અખંડતા. ભારતની મહાનતાના પાયામાં સૌનો સદાચાર અને ભાઈચારો હોય તો જ એ ટકી શકે અન્યથા ઘરના લોકો જ ઘરમાં બેધર કરતા રહે જેને સફળ લોકશાહી કહી શકાય જ નહીં. આંતરિક સુરક્ષા કર્મીઓ પોતાની નોકરી નિષ્ઠાથી કરે છે. છતાં લોકો તેની નજીક જતા ભય અનુભવે એ શું દર્શાવે છે ? માત્ર વોટબેંક આધારિત દૃષ્ટિથી જ નિર્ણયો લેવાતા રહે તો માત્ર આગળ જતા પ્રશાસન અવશ્ય કંગાળ સાબિત થશે.

સંસદ જો લોકશાહીનું મંદિર કે આસ્થાસ્થાન હોય તો પછી તેમાં રહીને રાજ ચલાવનારાની પ્રતિભા - સ્વચ્છતા - પ્રભાવ વગેરે કેવા મનલુભાવન હોવા જોઈએ ! દબંગ તત્ત્વોથી જનતા અને રાષ્ટ્રને મુક્તિ જોઈએ છે જે કાનૂનમાં સમીક્ષા કરી અમલી કરાવી જ શકાય તેમ છે. ઘણા પ્રામાણિક ઉચ્ચ અધિકારીઓ ખરાબ સ્થિતિમાં પોતાના જાન ગુમાવી ચૂકયા છે. છતાં કોઈને આ માટે જવાબદાર ગણી આવશ્યક પગલા ઉઠાવાયા નથી. લઘુત્તમ માપદંડ અવશ્ય નક્કી થવા જરૂરી છે જેના કારણે રાજકીય ક્ષેત્રમાં સ્વચ્છતા અને દિવ્યતા પ્રવેશી શકશે. સારા કામોને દેશની જનતા હંમેશા બિરદાવે છે અને જનાદેશ મળતો રહે છે. દેશ હવે રડી શકતો નથી અને પ્રજા અવાચ્ક થતી જાય છે તો સ્થિતિ ને જરૂર સુધારવી પડશે. સરકારને મન પ્રજાનું હિત પ્રથમ જ હોય ત્યારે પ્રજાને આનો સુખદ અહેસાસ થવો રહ્યો. સત્યનો માર્ગ લાંબો, કાંટાળો, પરિશ્રમી હોય પણ અંતે તેમાંથી સુખ જન્મે છે એ કુદરતનો કાયદો છે. લોકોનાં આંસુ લછી ને હૂંફ આપે તે લોકહૈયામાં રાજ કરી શકે છે. બધી જ રીતે સ્વચ્છ ભારત એક મધુર સ્વપ્ન છે માટે સુંદર દેશની અપેક્ષા ઉચિત છે.

**શેર આસ્વાદ :**

એકાદ કોડિયામાં દીવા થઈ શકે તો બસ છે
રાત્રે સૂરજ ઉગાડવાનું આપણું હજુ નથી !

## સહનશીલતા

*Grieve not, rather find strength in what remaius behinu*
*- Woraswoth*

એક મુક્તક સહનશીલતા માટે પર્યાપ્ત છે, 'યા હોમ કરીને પડો ફતેહ છે આગે.' આગની, પાણીની અરે ગમે તેવી પરિસ્થિતિમાં સહનશીલતાથી કડવા ઘૂંટડા પીનારા ઓછા નથી હોતા. ઉપર આભ, નીચે ધરતી અને ખાવાપીવા માત્ર આંસુ અને ઠોકર જ જેમને મળતીહોય તો પણ સહન કરી શૂન્યમાંથી સર્જન કરનારા હોય છે.



### થોટ

નટવર આહલપરા

કેટલાક સંયોગો આપણા હાથમાં હોતા નથી. આપણે ધારીએ છીએ કંઈક અને થાય છે કંઈક, બચપણમાં જીવન વિશે રંગીન સપનાં સેવ્યા હોય અને એ સપનાં સિદ્ધ થવાની ઘડી હાથવેંતમાં હોય અને જોતજોતામાં ઘણી ચીજો હાથમાંથી સરકી જાય છે. તમે મક્કમપણે માનો છો કે ચીજ મેળવવા પૂર્ણ પુરુષાર્થ કર્યો છે. ન સહન થઈ શકે તેવું સહન કર્યું છે. છતાં કેમ અમુક સિદ્ધિ પ્રાપ્ત ન થઈ ? પણ તેને અફસોસ ન કરો. હાથમાંથી કઈ સરકી જાય ત્યારે હાર ન માની લો. હજી જિંદગી ઘણી બાકી છે. બીજો મોકો આવશે. બધું ગુમાવો પણ સહનશીલતા, તમારો જુસ્સો ન ગુમાવો. હજી ભવિષ્યમાં ઘણી શકયતાઓ છે. એ શકયતા, સહનશીલતા જ તમારું બળ છે.

જે સારી રીતે સહન કરે છે. જે જગતનાં માન-અપમાન, કડવા ઘૂંટડા પી જાય છે. જેને સહનશીલતા કોઠે પડી ગી છે. એવી લાખો વિધવા માતાઓની સહનશીલતાને વંદન છે. પરિવારના ઘા હસતે મુખે સહન કરી પરિવારને સ્નેહના તાંતણે બાંધી રાખનાર ઓછા નથી. સહન કરનારાની સાથે ઈશ્વર હોય છે. થોડી સહનશીલતાથી અનેક ફાયદા મળે છે.